# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૨૨/૦૬/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૧૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૪૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૮૪૭/૨૦૨૫**

**સાયબર ક્રાઈમઃ** ગોતા વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૫/૨૦૨૫ થી તા.૦૬/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૨૮૦૮૧૪૩૯૨ ના ધારકે મહીલાને ફોન કરી TRAI કંપનીમાંથી રાકેશ શર્મા વાત કરતા હોવાની ઓળખ આપી તથા વિડીયો કોલ કરી પોલીસ યુનિફોર્મ પહેરી બોમ્બેથી સી.બી.આઇ.માંથી વાત કરતા હોવાની ઓળખ આપનાર તથા એપ્લીકેશન ઉપર સુપ્રીમ કોર્ટ બાર એસોશીયેશનના સિક્કા કરેલ લેટર વોટ્સએપ દ્વારા મોકલનાર એ ભેગા મળી "સી.બી.આઇ.ડિપાર્ટમેન્ટ દ્વારા તપાસ ચાલી રહેલ છે તો મહીલાના બેંકના ખાતામાં રૂપિયા બે કરોડ બ્લેક મની છે" તેવી હકિકત જણાવી મહીલાના બેન્ક ખાતામાં રહેલ રૂપિયાનું ઇન્વેસ્ટીગેશન કરવાનું જણાવી તેમજ વેરીફીકેશન થયા બાદ રૂપિયા રીફંડ મળી જશે તેમ જણાવેલ અને વોટ્સએપ વિડીઓ કોલ કરી જણાવેલ કે પૈસા ટ્રાંજેકશન નહી કરો તો મહીલા વિરૂધ્ધ વોરંટ નિકળશે તેવો ડર બતાવી ધમકાવી મહીલા પાસેથી તેઓના અલગ-અલગ બેન્ક ખાતાઓમાં કુલ રૂપિયા ૧,૩૬,૦૦,૦૦૦/- આર.ટી.જી.એસ. મારફતે ટ્રાન્જેક્શન કરાવી રૂપિયા મેળવી લઈ, રૂપિયા પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૪૮/૨૦૨૫**

**ચાંદખેડાઃ** પુષ્પાબહેન વા/ઓ પુનમદાસ અગ્રવાલ (ઉ.વ.૬૮) (રહે. ઈશાન રેસીડેન્સી ઈશાન બંગ્લોઝ પાસે, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) તા.૨૧/૦૬/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ન્યુ સી.જી રોડ આઈ.સી.આઈ.સી.આઈ બેંક થી પોતાના રહેણાંક ખાતે જવા શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા દરમ્યાન રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી પુષ્પાબહેન અગ્રવાલની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. ત્યારબાદ પુષ્પાબહેન અગ્રવાલને ચાંદખેડા ન્યુ સી.જી રોડ એ.એમ.સી. ઓફીસ નજીક રીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુષ્પાબહેન અગ્રવાલ એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**વાસણાઃ** પ્રેમ સ/ઓ અશોકભાઇ વાસફોડીયા (ઉ.વ.૨૮) (રહે. ઔડાના મકાન, મહાકાળીનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૦/૬/૨૦૨૫ રાતના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.સુશ્રી એમ.કે.ગલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી